# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૧૬૮ ૨૮ ઓગષ્ટ, ૨૦૧૩, બુધવાર; શ્રાવણ વદ - ૮ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# શાહપુર પાસે નદીમાં ન્હાવા પડેલા બે મિત્રો પાણીમાં ગરકાવ

## એન્જીનીયરીંગના છ વિદ્યાર્થી મિત્રો ન્હાવા પડ્યા હતા : ઈન્ફોસીટી અને મેઘાણીનગરના બે યુવાનોના ડુબી જવાથી મૃત્યુ

ગાંધીનગર, તા. ૨૭

પવિત્ર શ્રાવણ માસને પગલે ગાંધીનગર નજીકનાં ધોળેશ્વર મહાદેવ મંદિર ખાતે આજે બપોરના અરસામાં છ મિત્રો દર્શન કરવા ગયા હતા. ત્યાંથી નીકળીને શાહપુર બ્રીજ પાસે પહોંચી સાબરમતી નદીમાં ન્હાવા પડ્યા હતા. ૪ મિત્રો નદી કાંઠે ઉભા હતા જ્યારે બે મિત્રો નદીમાં આગળ જતાં ગરકાવ થઈ ગયા હતા. બન્ને એન્જીનીયરીંગના વિદ્યાર્થી યુવાનોનું ડુબી જવાથી સ્થળ પર જ મૃત્યુ નિપજ્યું હતું. ડભોડા પોલીસે મૃતદેહ બહાર કઢાવી અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યા હતા.

મેઘાણીનગર વિસ્તારમાં રહેતા કૃણાલ વિજયભાઈ સતપાલ (ઉં.વ.૧૯) અને ગાંધીનગર ઈન્ફોસીટીના અક્ષર બંગ્લોઝ પાસે રહેતો ૨૦ વર્ષીય મેઘલ વિષ્ણુભાઈ પ્રજાપતી બન્ને મિત્રો તેમના અન્ય ચાર એન્જીનીયરીંગના વિદ્યાર્થીઓ સાથે મળીને ગાંધીનગર પાસેના ધોળેશ્વર મહાદેવ મંદિર ખાતે દર્શન કરવા ગયા હતા. ત્યારબાદ છ મિત્રો શાહપુર બ્રિજ પાસેથી પસાર થતી સાબરમતી નદીમાં ન્હાવા માટે ગયા હતા. નદીમાં ન્હાતી વખતે બે મિત્રો કૃણાલ અને મેઘલ થોડા આગળ ગયા ત્યાં જ ખનનને લીધે નદીમાં ગયેલા ખાડામાં ખાબકી ગયા હતા. નદીના પાણીમાં ગરકાવ થઈ ગયેલા બન્ને મિત્રોને બચાવવા ચાર મિત્રોએ મહેનત કરી પરંતુ બચાવી શક્યા ન હતા. ડભોડા પીએસઆઈ એસ.બી. વાઘેલાએ બન્ને યુવાનોના મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલી અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

# શેરથા-ચિલોડા તળાવ વિકાસની યોજના હાલ પડતી મુકાઈ !

## વાવોલ અને સરગાસણમાં તળાવને પિકનીક સ્પોટ બનાવવાનું કામ હાલ પ્રગતિ હેઠળ

ગાંધીનગર, તા. ૨૭

ગુડા દ્વારા વિકાસના નવતર અભિગમ સાથે શહેરી વિકાસ સત્તા મંડળના વિસ્તારમાં નવી કાર્યયોજનાઓ અમલમાં મુકવામાં આવી છે. જેમાં તળાવ વિકાસ અને બગીચા નિર્માણની પણ કામગીરી હાથ ધરવામાં આવી છે. હાલ વાવોલ અને સરગાસણમાં તળાવને પિકનીક સ્પોટ બનાવવા કામગીરી ચાલી રહી છે જ્યારે શેરથા અને ચિલોડામાં તળાવ

● અનુસંધાન પાન-૭ પર




















